છઠ્ઠા કેન્દ્રીય પગાર પંચની ભલામણોના આધારે બિન સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના પગાર ધોરણની સુધારણા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૦૯-૬૫૯-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૧૬.૪.૨૦૦૯

<u>વંચાણે લીધા:-</u>

૧. નાણા વિભાગનો તા. ૧૨.૨.૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: પગર-૧૦૦૯-૧-પગાર એકમ (મ)
૨. નાણા વિભાગનો તા. ૨૭.૨.૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: પગર-૧૦૦૯-૬-પગાર એકમ (મ)
૩. નાણા વિભાગનો તા. ૨૭.૨.૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: પગર-૧૦૦૯-૭-પગાર એકમ (મ)
૪. નાણા વિભાગનું તા. ૨૭.૨.૨૦૦૯ નું જાહેરનામું ક્રમાંક: પગર-૧૦૦૯-૨-પગાર એકમ (મ)
૫. નાણા વિભાગનો તા. ૨૦.૩.૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: પગર-૧૦૦૯-૩-પગાર એકમ (મ)

<u>ઠરાવ:-</u>

રાજ્યમાં નોંધાયેલી અને સરકારી સહાય મેળવતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને છઠ્ઠા કેન્દ્રીય પગારપંચની ભલામણો પ્રમાણે સુધારેલ પગાર ધોરણો તા. ૧.૧.૨૦૦૬ થી આપવા માટે નીચે મુજબ હુકમો બહાર પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. ગુજરાત રાજ્ય સેવા ( પગાર સુધારણા) નિયમો, ૧૯૯૮ હેઠળ વિભાગના તા. ૨૦.૨.૧૯૯૮ ના ઠરાવથી જે પગાર ધોરણો અમલમાં છે તે સામે આ ઠરાવ સાથેની અનુસૂચિમાં દર્શાવ્યા મુજબના નવા પગાર ધોરણ (Pay Band અને Grade Pay સાથે) "સ્કેલ ટુ સ્કેલ" ધોરણે અપનાવવાના રહેશે.
૨. કેન્દ્રીય છઠ્ઠા પગારપંચની ભલામણો મુજબ "સ્કેલ ટુ સ્કેલ" સુધારેલ પગાર ધોરણ અને ભથ્થાં તા. ૧.૪.૨૦૦૯ થી રોકડમાં ચુકવવામાં આવશે.
૩. ઘરભાડા ભથ્થું તા. ૧.૪.૨૦૦૯ થી નાણા વિભાગના તા. ૧૨.૨.૨૦૦૯ ના ઠરાવ ક્ર: પગર-૧૦૦૯-૧-પગાર એકમ (મ) માં ક્રમાંક: ૬ હેઠળ થયેલ જોગવાઈ તથા નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૦૯-૭-પગાર એકમ (મ), તા. ૨૭.૨.૨૦૦૯ મુજબ મળવાપાત્ર રહેશે.
૪. સ્થાનિક વળતર ભથ્થું હાલમાં રાજ્યમાં જે દરે ચુકવવામાં આવે છે, તે યથાવત રહેશે. નાણા વિભાગના ઠરાવ ક્ર: પીજીઆર-૧૦૯૮-૩૬-એમ, તા. ૨૦.૫.૧૯૯૮ ની જોગવાઈ અનુસાર

ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાના કર્મચારીઓને પરિવહન ભથ્થું (Transport Allowance ) મળવાપાત્ર નથી તેથી ચુકવવાનું રહેશે નહીં.

૫. રાજ્યમાં શિક્ષણ ભથ્થું ચુકવવામાં આવતું નથી, જે નીતિ યથાવત રહે છે.

૬. કેન્દ્રીય છઠ્ઠા પગારપંચની ભલામણો અન્વયે સુધારેલ પગાર વત્તા મોંઘવારી ભથ્થાની તા. ૧.૧.૨૦૦૬ થી તા. ૩૧.૩.૨૦૦૯ સુધીના સમયગાળાની રકમ તફાવત ( એરીયર્સ ) તરીકે ચુકવવાની રહેશે.

૭. તા. ૧.૧.૨૦૦૬ થી તા. ૩૧.૩.૨૦૦૯ સુધીના પગાર વત્તા મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ સને ૨૦૦૯-૨૦૧૦ થી દર વર્ષે, ૨૦ ટકા લેખે, પાંચ હપ્તામાં કર્મચારી / અધિકારીના સામાન્ય ભવિષ્યનીધિ ખાતામાં જમા કરાવવાની રહેશે. આ પ્રકારે જમા થયેલ રકમ પાંચ વર્ષના " lock in period" બાદ ઉપાડી શકાશે.

૮. રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના જે કર્મચારીઓ ગુજરાત માધ્યમિક શિક્ષણ ધારા- ૧૯૭૨ ની કલમ નં. ૩૫ હેઠળ નિયમોનુસાર નિયુક્ત થયેલ હોય તથા સરકારશ્રી ધ્વારા જે કર્મચારીઓની નિમણૂકને વિનિયમિત કરવાના હુકમો કરવામાં આવેલ હોય તે કર્મચારીઓને જ આ હુકમોનો લાભ મળવાપાત્ર રહેશે.

૯. આ હુકમો અન્વયે મંજુર થયેલ છઠ્ઠા પગારપંચનો અમલ નાણાં વિભાગના તા. ૨૦.૩.૨૦૦૯ ના ઠરાવ નં. પગર-૧૦૦૯-૩-પે સેલ(મ) થી સૂચવવામાં આવેલ ફીકસેસન ઓફ પે, વેરીફીકેશન અને પેમેન્ટ ઓફ એરીયર્સની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ બાબતે GSWAN પર રાખવામાં આવેલ integrated Financial Management System માં જ કાર્યવાહી કરવાની રહેશે. સંબંધિત જીલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ તેઓના કાર્યક્ષેત્રમાં આવતી તમામ શાળાઓની ડેટા એન્ટ્રી કરાવી, પગાર બાંધણીને મંજુરી આપવાની રહેશે અને આ તમામ ડેટા કાયમી રાખવાનો રહેશે. આ કાર્યપધ્ધતિ અનુસર્યા સિવાય કોઇપણ રીતે કરવામાં આવેલ પગાર બાંધણી માન્ય ગણવાની રહેશે નહી અને જ્યાં સુધી ઉપર જણાવ્યા મુજબની કાર્યવાહી પૂર્ણ કરવામાં નહી આવે ત્યાં સુધી આ ઠરાવ અંતર્ગત છઠ્ઠા પગાર પંચનો લાભ આપી શકાશે નહીં.

૧૦. વિભાગના તા. ૨૦.૨.૧૯૯૮ ના ઠરાવ ક્ર: બમશ-૧૧૯૮-૫૭-ગ અન્વયે જે સંવર્ગને પાંચમાં કેન્દ્રીય પગારપંચ અનુસાર પગાર ધોરણનો લાભ આપવામાં આવેલ હશે તે જ સંવર્ગને છઠ્ઠા પગારપંચનો લાભ આ સાથે જોડેલ અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ મળવાપાત્ર રહેશે.

૧૧. બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં હાલ અસ્તિત્વ ધરાવતી ફીકસ પગારની જગ્યાઓને હાલના તબક્કે છઠ્ઠા પગારપંચનો લાભ આપી શકાશે નહીં, પરંતુ જ્યારે આ કર્મચારીઓ ફીકસ પગારની નિયત સેવા પૂર્ણ કર્યા બાદ, નિયમિત નિમણૂક પામે ત્યારે અને નિયમિત પગાર ધોરણમાં આવે ત્યારે તેઓને પણ છઠ્ઠા પગારપંચનો લાભ આપવાનો રહેશે.

૧૨. છઠ્ઠા પગારપંચને સંબંધે રાજય સરકાર ધ્વારા રાજય સરકારના કર્મચારીઓ માટે જે ઠરાવો બહાર પાડવામાં આવેલ છે તે ઠરાવોની જોગવાઇઓ અનુસાર જ આ કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ મંજુર કરવામાં આવે છે. સરકાર ધ્વારા બહાર પાડવામાં આવેલ ઠરાવોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. આ અંગે કોઇ છૂટછાટ આપી શકાશે નહીં.

૧૩ આ હુકમો અન્વયે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ કચેરીને કરી મુરકેલી જવાની રાય ના વિભાગના સીધો સંપર્ક સાધી તાત્કાલિક ઉકેલ લાવવાના રહેશે

૧૪ નાણાં વિભાગના તા. ૨૦.૩.૨૦૦૯ ના ઠરાવ અન્વયે આ સાથે સામેલ અનુબંધ ૩ મુજબના અંડરટેકીંગ તમામ કર્મચારીઓ પાસેથી લેવાનું રહેશે અને સાથે સામેલ રાખેલ નમુના ૧ મુજબનો વિકલ્પ તમામ કર્મચારીઓ પાસેથી ૧ માસમાં લેવાના રહેશે

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૫.૪.૨૦૦૯ ની મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એન.પી.લાછાણી)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (મા.શિ.) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ગાંધીનગર.
- તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી..........................
- એકાઉન્ટન્ટ જનરલશ્રી- ૧ (ઓડીટ) , ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ૨ (એ.એન્ડ ઈ.) ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ / સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નાણાં વિભાગ, (પે સેલ) સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન્ય મંડળો.....
  ( માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ)
- કોમ્પ્યુટર સેલ, વેબસાઈટ પર મુકવા માટે.
- જ૧ શાખા, છ શાખા, શિક્ષણ વિભાગ.
- સીલેક્ટ ફાઈલ.

ક્રમાંક:પેન્-૩/પ/૦૯-૧૦/૯૧૮૮-૩૬
કમિ.મ.ભો.યો.અને શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. ૧૩/૪/૦૯.

શિક્ષણ વિભાગના ઉક્ત ઠરાવનો અમલ તાત્કાલિક અસરથી કરી જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

(ડી.એમ.દેસાઈ)
સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર.

નકલ રવાના :-

- ⇨ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ
- ⇨ સંબંધિત શાળાઓ (જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફત)
- ⇨ આ કચેરીની દરેક શાખા
- ⇨ નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
- ⇨ પ્રમુખ/મંત્રીશ્રી, ગુ.રા., માધ્યમિક શાળા , વહીવટી કર્મચારી મહામંડળ,
- ⇨ પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગુ.રા., માધ્યમિક શાળા, આચાર્ય સંઘ મહામંડળ,
- ⇨ પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગુ.રા., શાળા ઉ.મા. શિક્ષક સંઘ મહામંડળ,
- ⇨ પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગુ.રા., શાળા માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ,

શિક્ષણ વિભાગના તા. ૧૬.૪.૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૦૯-૬૫૯-ગ ની અનુસૂચિ

| નં. | સંવર્ગ | હાલનું પગાર ધોરણ | પે બેન્ડ કોડ | સુધારેલ પગાર ધોરણ (૧.૧.૦૬ થી અમલમાં આવતા પે બેન્ડ મુજબ) | વત્તા ગ્રેડ પે | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | મુખ્ય શિક્ષક | (૧) રૂ. ૫૫૦૦-૧૭૫-૯૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| | | (૨) રૂ. ૬૫૦૦-૨૦૦-૧૦૫૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| | | (૩) રૂ. ૮૦૦૦-૨૭૫-૧૩૫૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૫૪૦૦ | --- |
| ૨ | તાલીમી સ્નાતક શિક્ષક (સ્નાતક + બી.ટી., બી.એડ./ડી.એડ. | રૂ. ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| ૩ | તાલીમી શિક્ષક (સ્નાતક + ટી.ડી.એસ.ટી.) | (૧) રૂ. ૪૫૦૦-૧૨૫-૭૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૮૦૦ | --- |
| | | (૨) રૂ. ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| ૪ | એસ.એસ.સી. અથવા અન્ડર ગ્રેજ્યુએટ + એસટીસી /ટી.ડી.) | રૂ. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૪૦૦ | --- |
| ૫ | ઉચ્ચતર માધ્યમિક શિક્ષક | (૧) રૂ. ૫૫૦૦-૧૭૫-૯૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | (૧) તાલીમી બી.એડ.,ડી.એડ. અનુસ્નાતક શિક્ષકો માટે (૨) તાલીમી બી.એડ.,ડી.એડ. સ્નાતક અને ૭ વર્ષનો માધ્યમિક/ ઉ.મા. શિક્ષણનો શૈક્ષણિક કાર્યનો અનુભવી શિક્ષકો માટે |

શિક્ષણ વિભાગના તા. ૧૬.૪.૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૦૯-૬૫૯-ગ ની અનુસૂચિ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | (૨) રૂ. ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | અનુ. સ્નાતક એસ.ટી.સી. (ટી.ડી.) શિક્ષકો માટે |
| ૬ | લેબોરેટરી કો. ઓર્ડીનેટર | રૂ. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૪૦૦ | --- |
| ૭ | • બિન તાલીમી સ્નાતક શિક્ષક એસટીસી, ટીડી | રૂ. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૪૦૦ | --- |
| ૮ | • બિન તાલીમી મેટ્રીક પાસ | રૂ. ૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૧૯૦૦ | --- |
| | • નિમણૂકની તારીખ અથવા આ પગાર ધોરણ અમલ માં આવ્યાની તારીખ, બે બેમાંથી જે તારીખ મોડી હોય ત્યારથી પાંચ વર્ષની અંદર પદધારીએ જરૂરી ધંધાકીય લાયકાત મેળવી લેવી જોઈએ અન્યથા ખાસ હુકમો હેઠળ ચાલુ રાખવામાં આવે તે સિવાય તેમની નોકરી ગુમાવવા માટે એ પાત્ર ઠરશે. | | | | | |
| ૯ | કલા શિક્ષક બી.એ. (ફાઈન આર્ટસ) | રૂ. ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| ૧૦ | એસ.એસ.સી. + ડી.એમ/એ.ટી.ડી | રૂ. ૪૫૦૦-૧૨૫-૭૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૮૦૦ | --- |
| ૧૧ | એસએસસી સાથે ડ્રોઈંગ અથવા એસએસસી + ઈન્ટરમીડીયેટ ડ્રો. ગ્રેડ એકઝામીનેશન સર્ટી લાયકાતવાળા શિક્ષકો માટે | રૂ. ૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૧૯૦૦ | --- |
| | સંગીત શિક્ષક | | | | | |
| ૧૨ | સંગીત વિશારદ, સંગીત શિક્ષા વિશારદ | રૂ. ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| ૧૩ | સંગીત વિશારદ અથવા સંગીત અલંકાર અથવા સંગીત પ્રવિણ | રૂ. ૪૫૦૦-૧૨૫-૭૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૮૦૦ | --- |
| ૧૪ | સંગીત મધ્યમા સંગીત શિક્ષક સનદ | રૂ. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૪૦૦ | --- |
| ૧૫ | સંગીત મધ્યમા | રૂ. ૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૧૯૦૦ | --- |

## શિક્ષણ વિભાગના તા. ૧૬.૪.૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૦૯-૬૫૯-ગ ની અનુસૂચિ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | નોંધ: તા. ૧.૧.૭૩ કે તે પછીથી માધ્યમિક શાળામાં નિમાયેલ સંગીત શિક્ષક એસ.એસ.સી. પાસ હોવા જોઈએ. | | | | | |
| | **વ્યાયામ શિક્ષક** | | | | | |
| ૧૬ | સ્નાતક + ડી.પી.એડ. | રૂ. ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| ૧૭ | સ્નાતક + સી.પી.એડ. | (૧) રૂ. ૪૫૦૦-૧૨૫-૭૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૮૦૦ | --- |
| | | • (૨) રૂ. ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| | | • નોંધ: સી.પી.એડ. મેળવ્યા પછી તા. ૧.૧૦.૭૨ ના રોજ દશ વર્ષની નોકરી ધરાવતા હોય એમને માટે | | | | |
| ૧૮ | એસએસસી અને એ સાથે વ્યાયામ શિક્ષણનો એક વર્ષનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ અથવા ટૂંકી મુદતનો વ્યાયામ શિક્ષણનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ | રૂ. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૪૦૦ | --- |
| ૧૯ | વ્યાયામ શિક્ષણનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ | રૂ. ૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૧૯૦૦ | --- |
| | **હિન્દી/ ઉર્દૂ શિક્ષક** | | | | | |
| ૨૦ | સ્નાતક + સીનીયર એચએસએસ અથવા સમકક્ષ લાયકાત | રૂ. ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| ૨૧ | સ્નાતક + જુનીયર એચએસએસ | રૂ. ૪૫૦૦-૧૨૫-૭૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૮૦૦ | --- |
| ૨૨ | બિન તાલીમી સ્નાતક | રૂ. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૪૦૦ | --- |
| ૨૩ | તાલીમી એસ.એસ.સી. અન્ડર ગ્રેજ્યુએટ | રૂ. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૪૦૦ | --- |
| ૨૪ | બિન તાલીમી મેટ્રીક અન્ડર ગ્રેજ્યુએટ | રૂ. ૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૧૯૦૦ | --- |
| ૨૫ | શિવણ અને ભરત ગૂંથણ શિક્ષક | રૂ. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૪૦૦ | --- |
| ૨૬ | શિવણ શિક્ષક | રૂ. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૪૦૦ | --- |

[illegible] તા. ૧૬.૪.૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૦૯-૬૫૯-ગ ની અનુસૂચિ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૭ | હાથ ઉદ્યોગ શિક્ષક | રૂ. ૪૫૦૦-૧૨૫-૭૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૮૦૦ | --- |
| | **બિનશૈક્ષણિક સ્ટાફ** | | | | | |
| ૨૮ | મુખ્ય કારકુન | રૂ. ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| ૨૯ | સીનીયર કારકુન હિસાબનીશ | રૂ. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૪૦૦ | --- |
| ૩૦ | જુનીયર કારકુન | રૂ. ૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૧૯૦૦ | --- |
| ૩૧ | પટાવાળા | રૂ. ૨૫૫૦-૫૫-૨૬૬૦-૬૦-૩૨૦૦ | IS | રૂ. ૪૪૪૦-૭૪૪૦ | રૂ. ૧૩૦૦ | --- |
| | ટેકનીકલ સ્ટાફ | | | | | |
| ૩૨ | સુપ્રિન્ટેન્ડન્ટ ગ્રેડ-૧ | રૂ. ૬૫૦૦-૨૦૦-૧૦૫૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | વિદ્યાર્થી સંખ્યા ૫૦૦ થી વધુ હોય તો |
| | વર્કશોપ સુપ્રિન્ટેન્ડન્ટ | રૂ. ૫૫૦૦-૧૭૫-૯૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | વિદ્યાર્થી સંખ્યા ૫૦૦ થી ઓછી હોય તો |
| ૩૩ | આસી. સુપ્રિન્ટેન્ડન્ટ | રૂ. ૫૫૦૦-૧૭૫-૯૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| ૩૪ | આસી. લેક્ચરર | રૂ. ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| ૩૫ | તાલીમી શિક્ષક (ખેતીવાડી) | રૂ. ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| ૩૬ | તાલીમી શિક્ષક (ગૃહ વિજ્ઞાન) | રૂ. ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| ૩૭ | તાલીમ શિક્ષક (ફાઈનઆર્ટસ) | રૂ. ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| ૩૮ | જુનીયર લેક્ચરર | રૂ. ૪૫૦૦-૧૨૫-૭૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૮૦૦ | --- |
| ૩૯ | કારપેન્ટરી ઈન્સ્ટ્રકટર | રૂ. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૪૦૦ | --- |
| ૪૦ | ટર્નર - ફીટર | રૂ. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૪૦૦ | --- |
| ૪૧ | સ્મીથી ઈન્સ્ટ્રકટર | રૂ. ૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૧૯૦૦ | --- |
| ૪૨ | ઓઇલ મેન | રૂ. ૨૫૫૦-૫૫-૨૬૬૦-૬૦-૩૨૦૦ | IS | રૂ. ૪૪૪૦-૭૪૪૦ | રૂ. ૧૩૦૦ | --- |
| ૪૩ | હમાલ | રૂ. ૨૫૫૦-૫૫-૨૬૬૦-૬૦-૩૨૦૦ | IS | રૂ. ૪૪૪૦-૭૪૪૦ | રૂ. ૧૩૦૦ | --- |
| ૪૪ | ફીલ્ડ આસીસટન્ટ | રૂ. ૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૧૯૦૦ | --- |
| ૪૫ | ફાર્મ સરવન્ટ | રૂ. ૨૫૫૦-૫૫-૨૬૬૦-૬૦-૩૨૦૦ | IS | રૂ. ૪૪૪૦-૭૪૪૦ | રૂ. ૧૩૦૦ | --- |
| ૪૬ | પટાવાળા | રૂ. ૨૫૫૦-૫૫-૨૬૬૦-૬૦-૩૨૦૦ | IS | રૂ. ૪૪૪૦-૭૪૪૦ | રૂ. ૧૩૦૦ | --- |

શિક્ષણ વિભાગના તા. ૧૬.૪.૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૦૯-૬૫૯-ગ ની અનુસૂચિ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | કોમર્સ વિભાગ | | | | | |
| ૪૭ | તાલીમ સ્નાતક શિક્ષક (વાણિજય) | રૂ. ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| ૪૮ | શોર્ટહેન્ડ ટાઇપરાઇટીંગ ઇન્સ્ટ્રક્ટર | રૂ. ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| ૪૯ | ઇલેક્ટ્રીશીયન | રૂ. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૪૦૦ | --- |
| ૫૦ | પટાવાળા | રૂ. ૨૫૫૦-૫૫-૨૬૬૦-૬૦-૩૨૦૦ | IS | રૂ. ૪૪૪૦-૭૪૪૦ | રૂ. ૧૩૦૦ | --- |
| | એન.એફ.સી. ઇન્સ્ટ્રક્ટર | | | | | --- |
| ૫૧ | સ્નાતક એન.એફ.સી. ઇન્સ્ટ્ર. | રૂ. ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| ૫૨ | નોન ગ્રેજયુએટ એન.એફ.સી. ઇન્સ્ટ્રક્ટર | રૂ. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૪૦૦ | --- |
| | બિન શૈક્ષણિક સ્ટાફ | | | | | --- |
| ૫૩ | નાયક | રૂ. ૨૬૧૦-૬૦-૩૧૫૦-૬૫-૩૫૪૦ | IS | રૂ. ૪૪૪૦-૭૪૪૦ | રૂ. ૧૪૦૦ | --- |
| | ઉચ્ચતર માધ્યમિક | | | | | |
| ૫૪ | ગ્રંથપાલ | રૂ. ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૪૦૦ | --- |
| ૫૫ | લેબ. આસી. કમ પ્યુન | રૂ. ૨૫૫૦-૫૫-૨૬૬૦-૬૦-૩૨૦૦ | IS | રૂ. ૪૪૪૦-૭૪૪૦ | રૂ. ૧૩૦૦ | --- |
| ૫૬ | ઇન્સ્ટ્રક્ટર | રૂ. ૪૫૦૦-૧૨૫-૭૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૮૦૦ | --- |
| ૫૭ | વ્યવસાયિક શિક્ષક | રૂ. ૫૫૦૦-૧૭૫-૯૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| ૫૮ | એકેડેમિક શિક્ષક | રૂ. ૫૫૦૦-૧૭૫-૯૦૦૦ | PB2 | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ | રૂ. ૪૨૦૦ | --- |
| ૫૯ | કો. ઓર્ડીનેટર | રૂ. ૪૫૦૦-૧૨૫-૭૦૦૦ | PB1 | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ | રૂ. ૨૮૦૦ | --- |

## નમૂનો-૧

### વિકલ્પનો નમૂનો

[ જુઓ નિયમ ૬(૧) ]

❖ (૧) હું ..........................................આથી, સન ૨૦૦૬ જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખથી સુધારેલું પગાર માળખું (પે બેન્ડ અને ગ્રેડ પે ) નો વિકલ્પ પસંદ કરૂ છું

❖ (૨) હું .......................................... આથી,

નીચે જણાવેલી મુદત સુધી, મારી કાયમી / કાર્યકારી જગાના વિદ્યમાન પગાર ધોરણમાં પગાર લેવાનું ચાલુ રાખવાનું પસંદ કરૂ છું.

❖ મારા આગામી ઇજાફાની તારીખ સુધી,

❖ મારા ત્યારપછીના ઇજાફાની તારીખ સુધી,

❖ મારો પગાર રૂપિયા ..................................સુધી વધારતા,

હું વિદ્યમાન પગાર ધોરણમાં પગાર લેવાનું છોડી દઉ છું અથવા બંધ કરૂ છું.

.....................................મારી બઢતીની તારીખ:-..................................

વિદ્યમાન પગાર ધોરણ:-..................................

સહી:-..................................

નામ:-..................................

હોદ્દો:-..................................

તારીખ:-..................................  જયાં કામે રાખેલ તે કચેરી..................

સ્થળ:-..................................

મારી સમક્ષ સહી કરી:-..................................

..................................

(નામ)

કચેરીના વડા/ અન્ય રાજપત્રિત અધિકારી

---

ઉપરનો એકરાર મળ્યો છે.

સહી..................................

પગાર અને હિસાબ અધિકારી / કચેરીના વડા

( કચેરીના વડાની સહી ( બિન રાજપત્રિત સરકારી કર્મચારીના કિસ્સામાં )
અન્ય રાજપત્રિત અધિકારીની સહી ( રાજપત્રિત અધિકારીના કિસ્સામાં )

Annexure-III

[See sub-para-(j) of Para-D Government resolution, Finance Department No. PGR-1009-3-Pay Cell (M) dated 20th March, 2009]

## UNDERTAKING

I hereby undertake that any excess payment that may be found to have been made as a result of incorrect fixation of pay or any excess payment detected in the light of discrepancies noticed subsequently will be refunded by me to the Government by adjustment against future payment including Death-cum-Retirement Gratuity due to me or otherwise.

Date : / / .
Station : Gandhinagar

Signature ____________
Name : ____________
Designation ____________
Office to which employed : ____________

Signed before me,

____________
(Signature)

____________
(Name)
Head of Office/ Gazatted Officer*

* Head of Office(in case of Non-Gazetted Government employee)
* Another Gazatted Officer (in case of Gazatted Officer)